# 25 દુહા, મુક્તક, હાઈકુ

## 1. મા (દુહા)

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. માનો ખોળો ખૂંદવા કવિને ફરી શું થવું છે?
2. કવિ મોટા થયા એટલે માએ શું કર્યું?
3. કવિને બાળપણ ક્યારે સાંભરે છે?
4. કવિને મોટાઈ શા માટે કડવી લાગે છે?
5. કવિએ પોતાના માટે કયું સંબોધન પ્રયજયું છે?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. 'મા તે મા' - સમજાવો.

**નીચેના દરેક પ્રશ્નના પૂરા વાક્યમાં જવાબ આપો.**

1. 'મા' કાવ્યનો પ્રકાર જણાવો.
2. 'મા' કાવ્યના કવિનું નામ જણાવો.
3. દુહો કયા સાહિત્યનો પ્રકાર છે?

## 2. દશા અને દિશા (મુક્તક)

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. કેવા લોકોના જીવનમાં ખુમારી હોતી નથી?
2. દશાથી ધ્રૂજનારાઓ શું જાણતા નથી?
3. દશાને કવિએ સડક જેવી શા માટે કહી છે?
4. સડક કોને ઝાલી શકતી નથી?

**નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખોઃ**

1. દશા અને દિશા વિશે કવિના વિચારો જણાવો.

## 3. હાઈકુ

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. અંધકારની પીંછીથી શું રંગાતું નથી?
2. અંધકાર અને દીપક શાનાં પ્રતીક છે?
3. આંગણું મોટું શાથી લાગે છે?
4. ઘરના વિસ્તારનો આધાર શાની ઉપર છે?
5. માછલીના પ્રતીકથી કવિ શું સૂચવે છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. અંધકારની પીંછી અને દીપ દ્વારા કવિ શું સૂચવે છે?
2. માણસનું મન શાથી મોટું હોવું જોઈએ?

**નીચેના દરેક પ્રશ્નના પૂરા વાક્યમાં ઉત્તર લખોઃ**

1. હાઈકુ મૂળ કયા દેશનું કાવ્યસ્વરૂપ છે?
2. હાઈકુનું બંધારણ જણાવો.

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરીથી લખોઃ**

1. અંધકારમાં પીંછી ફરી રહી છે.

2. સૂરજથી ઉજાસે આંગણું મોટું લાગે છે.

3. સડકને ખૂંદનારાએ સડક ઝાલી શકતી નથી.

4. માનો ખોળો ખૂંદવા ફરીને બાળક બનવું છે.

**નીચેનાં વાક્યોમાં માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. મા સંતાનોને મોટાં કરે છે. (કર્મણિવાક્ય બનાવો.)

2. મોટપની મજા મને કડવી લાગે છે. (નિષેધવાક્ય બનાવો.)

3. સડક ચાલી શકતી નથી. (ભાવેવાક્યમાં ફેરવો.)

4. પીંછીથી દીપ નહિ રંગાય. (કર્તરિવાક્ય બનાવો.)

5. માછી ક્યારનોય ઊભો રહ્યો તોય માછલી તરે. (સંયોજક શોધીને લખો.)

**નીચેનાં વાક્યોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારી ફરીથી લખોઃ**

1. ફરીથી પીછીથી દિપ નહીં રંગાય.

2. સુરજના ઉજાશે આ ગણું મોટું લાગે છે.

3. સટકને ખોદનારાને સડક જાલી શકતી નથી.

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો શોધીને સામસામે લખોઃ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. **મોટપ** | જનની | સ્થિતિ | | | |
| 2. **ખોળો** | હાલત | દીપક | | | |
| 3. **મા** | દીવો | ગોદ | | | |
| 4. **દશા** | ઉછંગ | આબરૂ | | | |
| 5. **દીપ** | પ્રતિષ્ઠા | જનેતા | | | |

**નીચેના શબ્દોના અર્થભેદ લખોઃ**

1. કેરી - ______ કૅરી - ______

2. દશા - ______ દશા - ______

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરોધી શબ્દ લખી વાક્યનો અર્થ બદલાય નહિ તે રીતે ફરીથી લખોઃ**

1. મોટપ કેરી મજા મને કડવી લાગે છે.
______________________________

2. જેમનામાં ખુમારી નથી તેઓ જ દશાના ગુલામ છે.
______________________________

3. અંધકારની પીંછીથી દીપ નહીં રંગાય.
______________________________

4. માછી ઊભો છે તોય માછલી તરે છે.
______________________________

**નીચેના શબ્દોના શિષ્ટરૂપ આપો.**

1. ખોરડું - ______________
2. ખહતા - ______________
3. હાચે - ______________
4. હાંભરે - ______________

•